
# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૪૫ ● સળંગ અંક : ૯૬ ● તા. ૧૧ એપ્રિલ ૨૦૨૦ થી ૧૭ એપ્રિલ ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





ઠોકરે ખાતા હું,
મગર શાન સે ચલતા હું...
મૈ ખુલે આશમાન મેં,
સીના તાન કે ચલતા હું...
આખિર મુશ્કિલે
સાજ હૈ જીંદગી કા
ઉઠુંગા, ગીરુંગા, ફીર ઉઠુંગા,
આખીર જીતુંગા મૈ હી,
યે ઠાન કે ચલતા હું...



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પ્રભુની કૃપા પામવા જેટલા આપણે પાત્ર છીએ ?

સૌ કોઈ પોતાના ઈષ્ટદેવના મંદિર, દેવાલય, દેરાસરમાં જઈને સુખ, શાંતિ માટે હાથ જોડી પ્રાર્થના કરે છે. સુખ-સંપદા સતત વરસતી રહે એવી માંગણી કરીએ છીએ. હાથ ફેલાવીને યાચક ભાવ સાથે આપણું સુખ ઈચ્છીએ છીએ. પરમાત્મા પાસે માંગીએને મળી જાય એવી શ્રદ્ધા નથી હોતી. તો પણ ઈચ્છા અને અપેક્ષાા સાથે ભક્તિભાવ રાખીને ઈશ્વર સમક્ષ ઊભા રહી જઈએ છીએ. પણ એટલું ધ્યાન નથી રાખતા કે પ્રભુની કૃપા પામવા જેટલા આપણે પાત્ર છીએ ખરા?

પ્રભુજીને ગમતા કાર્ય, તેની નિસ્વાર્થ ભક્તિ, સાચા દિલથી તેની સેવા-પૂજા શ્રદ્ધા આસ્થા સાથે અનુકંપા રાખીને દિન દુઃખીયા જનોના કોઈ કામ કર્યા છીએ ખરા? ધર્મ માટે પૈસા વપરાય, અનુષ્ઠાનો, ચડાવા થાય, મોટી બોલી બોલાય. એ બધી સંપતિ પ્રભુ કાર્યને પ્રતિ છે. પણ સાથો સાથ સામાન્ય જનો પ્રત્યે અનુરાગ ભાવ રાખીએ, કરૂણા, પ્રેમ ધરાવીએ અને એમના કર્મોને વિશુદ્ધ ભાવે ખપાવીએ. વિકારની પ્રકૃતિનું શમન કરી ઉપયોગી થઈએ તો ખરી ઈશ્વર કૃપા પામી શકીએ. આપણે ધાર્મિક છીએ એનો દેખાડો કરવા કરતાં ગુપ્તપણે રંક જનોની મદદ કરીએ. તેમના કષ્ટને કાપવામાં આપણે મદદરૂપ થઈએ તો પ્રભુના પ્રીતિ પાત્ર જરૂર થઈએ.

એક યાચક જે મંદિરની બહાર હાથ ફેલાવીને માંગે છે. જ્યારે મંદિરની અંદર મૂર્તિ સમક્ષ પૂજા, અનુષ્ઠાન કરતાં શ્રદ્ધાળુઓ વધુ ધન સંપતિની યાચના કરતાં પ્રભુ પાસે બે હાથ જોડીને યાચના કરતાં, કરગરતા નજરે પડે છે. તો આ બંન્ને યાચકોમાં શું ફરક? બંન્ને માંગણ છે. એક પ્રભુનો તો બીજો શ્રદ્ધાળુઓનો શેઠિયાઓનો. આમ તો બંન્ને સરખા જ ને બંન્ને યાચક.

જીવનમાં આપણેને જે મળે છે. એ આપણે કરેલા કર્મનું ફળ છે. જેવી કરણી તેવી ભરણીએ જીવનની સચ્ચાઈ છે. પ્રભુના દરબારમાં દેર છે. પણ, અંધેર નથી. સંસારીઓ ધર્મ ધ્યાન કરે છે. દરેક ધર્મની પ્રભુક્રિયા, પ્રભુ ભક્તિ વેગળી વેગળી ભલે હોય. પણ તેનો સાર પ્રભુ પ્રીતિ પામવાનો જ હોય છે. ભગવાન પ્રત્યે શ્રદ્ધા રાખવી, આસ્થા રાખવી સાથો સાથ પ્રભુને પ્યારા કર્મ જેવા કે અબોલા જીવની સેવા કરવી, દીન જનોની જરૂરિયાતનું ધ્યાન રાખવું, રંક વર્ગ માટે અન્નક્ષેત્રની વ્યવસ્થા કરવી. દવા-ઔષધ-ઉપચાર માટે મદદ કરવી. આજે શિક્ષણ મેળવવું સામાન્ય માટે મોંઘુ થઈ ગયું છે. આવા પરિવારોના બાળકોને વિદ્યાભ્યાસ માટે ફી, પુસ્તકો, દફતર, ગણવેશની વ્યવસ્થા કરવી. આ સૌ પ્રભુને ગમતા કામો છે. પ્રભુજીની નજર આવવા લોકો સુધી નથી પહોંચતી ત્યાં આપણે નજર દોડાવીએ. ગરીબ, રંક જનો માટે ગાંધીજીએ પ્રયોજેલ સંબોધન છે. દરિદ્રનારાયણ, જેમાં નારાયણ વસે છે. લક્ષ્મીમાતાના કંઠ વસે છે. એવા દરિદ્રજનો આ સૌની સેવા ભક્તિ અને સુખ સંતોષ માટે મથીએ તો જરૂર પ્રભુના પાત્ર થઈ શકીએ.

– જ્ઞાતિમૈયા

# KDO WARRIORS AGAINST COVID-19

# કેડીઓ હોમિયોપેથી ડૉક્ટર તેમજ પેરામેડિકલ સ્ટાફ અગર જરૂર પડશે તો સેવા આપવા તત્પર



CERTIFICATE

This is to certify that

Dr.Mrs.Mahek Manish Shah

Registration Number:I-49020 is a

"Trained AYUSH Doctor for COVID-19 Preparedness, Response and Containment."

Dr. Dilip Wange, Registrar, Maharashtra Council of Indian Medicine, Mumbai

Dr. Ashutosh Gupta, President, Maharashtra Council of Indian Medicine, Mumbai

Dr. Kuldip Raj Kohli, Director



ડૉ.મહેક શાહ



Certificate

This is to certify that

Dr. DHARINI ASHIQ NAGDA

Registration No : 30095

is trained AYUSH Doctor for NOVEL CORONA VIRUS (COVID-19)

Preparedness, Response and Containment.

Date : 12 Apr 2020

Dr. Kailas Sonmankar, Registrar, Maharashtra Council of Homoeopathy, Mumbai

Dr. Nitin Gawade, President, Maharashtra Council of Homoeopathy, Mumbai

Dr. Kuldip Raj Kohli, Director



ડૉ.ધારિણી નાગડા

ભારતમાં કોરોના વાયરસનો ફેલાવો હજી સુધી અનિયંત્રિત રીતે વધી નથી રહ્યો. પરંતુ જો ભવિષ્યમાં કોરોનાના કેસ ખૂબ વધે અને દર્દીઓની સારવાર કરતા ડોક્ટરોને સપોર્ટની જરૂર પડે તો તેની પૂર્વ તૈયારી રૂપે અને સાવચેતીના પગલા તરીકે રાજ્યના હોમીઓપથી, આયુર્વેદિક ડોક્ટરો અને પેરામેડીક્સને કોરોનાના દર્દીની સંભાળ લેવા માટે ઓનલાઈન ટ્રેનિંગ આપવામાં આવી છે. આ ટ્રેનિંગ લેનારને આયુષ વિભાગ તરફથી સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે.

આવી જ ટ્રેનિંગ લઇ સર્ટિફિકેટ મેળવનાર એક હોમીઓપથી ડોક્ટરે જણાવ્યું હતું કે અન્ય દેશોની જેમ જો કોરોનાના દર્દીઓની સંખ્યા અનિયંત્રિત રીતે વધે અને આપણા ડોક્ટરો અને મેડિકલ સીસ્ટમ ઉપર લિમિટ બહારનું ભારણ આવે એવી પરિસ્થિતિ જો ઉભી થાય તો તેની પૂર્વ તૈયારી રૂપે અમને ઓનલાઈન ટ્રેનિંગ આપવામાં આવી છે જેથી જરૂર પડ્યે અમે હોસ્પિટલના ડોક્ટરોને કોરોનાના દર્દીની કેસ હિસ્ટરી લેવામાં, ચેપ ન ફેલાય તે માટે તકેદારીના નિયમો સમજાવવા જેવા કાર્યોમાં મદદરૂપ થઇ શકીએ. હોસ્પિટલમાં અમે દર્દીને કોઈ પણ પ્રકારની દવા આપી ન શકીએ ફક્ત કોરોનાની સારવાર કરતા ડોક્ટરોને સપોર્ટ કરવા માટે આ ટ્રેનિંગ આપવામાં આવી છે. ઈમર્જન્સીની પરિસ્થિતિ ઉભી થાય તેની પહેલાં તેનો સામનો કરવા તૈયારી કરવાની સરકારની આ યોજના પ્રસંશનીય છે.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5,500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# KDO WARRIORS AGAINST COVID-19

## આશાપુરા સિસ્ટમના રમેશભાઈ મૈશેરી સેનિટાઈઝર મશીન ડિઝાઈન કરી તૈયાર કર્યું




જખૌના રમેશભાઈ ભવાનજી શાહ-મૈશેરી આશાપુરા સિસ્ટમ લોનાવાલાવાળાએ લોનાવાલા પોલીસ ડીપાર્ટમેન્ટના અધિકારીઓના માર્ગદર્શન અને જરૂરિયાતપ્રમાણે કોરાના-કોવિંદ-૧૯ સામે લડવા દેશમાં સાધનોની સખત ખપ છે ત્યારે પર્સનલ ફૂલ્લી ઓટોમેટિક સેનિટાઈઝર ટનલ મશીન ડિઝાઈન કરી તૈયાર કરી લોનાવાલા સિટી પોલીસ સ્ટેશનને સુપ્રત કર્યું છે.

આ મશીનમાં એક બાજુ પ્રવેશતા ઓટોમેટિક રીતે દવા મિશ્રિત પાણીનો છંટકાવ કરી શરીર અને કપડાને જંતુ મુક્ત કરે છે. આમ વૉર અગેઈન્સ કોરોના માટે ક.દ.ઓ.સમાજના ઉદ્યોગપતિએ આ રીતે અમૂલ્ય યોગદાન આપ્યું છે. જે સૌને ગર્વ કરાવે એવું છે.

## અબડાસા ગૌશાળા ટ્રસ્ટ દ્વારા પોલીસ કર્મચારીઓને છાશ વિતરણ કરાયું





કચ્છ જિલ્લાના અબડાસાના અંતરિયાળ ગામો સિંધોડી, જખૌ, પરજાઉ, લાલા, નલિયા, કોઠારા, વાંકુ વિગેરેમાં સ્પેશિયલ ડ્યુટી કરતાં પોલીસ કર્મચારીઓ લોકડાઉનની પરિસ્થિતિનું સુચારુ પાલન માટે સખત જહેમત ઉઠાવી રહ્યાં છે. કાળઝાળ તાપ અને ઉકળાટ વચ્ચે તેમને રાહત રૂપે છાશ વિતરણ અબડાસાના કચ્છ ગૌશાળા ટ્રસ્ટના કલ્પેશ મોતા રાપર ગઢવારી દ્વારા કરાયું.

# KDO WARRIORS AGAINST COVID-19

## જ્ઞાતિના યુવા તારલાઓએ સેવામાં મચાવી ધુમ

નાની વયે સેવાભાવી વિચાર ધરાવતા ઉર્વી નરેન લોડાયા (નલીયા) અને હર્ષિત પંકજ દંડ (બાયઠ) કોરોના વાયરસના લોકડાઉન દરમ્યાન ગરીબ પ્રજાને રોજના રોજ ફુડ પેકેટ પહોંચાડી તથા રસ્તે રજડતા કુતરા, બિલાડીઓને દુધ પીવડાવી માનવતાનું કાર્ય કરી રહ્યા છે. ૨૨ દિવસથી આજ સુધી લગભગ ૪૦૦૦થી વધુ ફુડ પેકેટ મુંબઈના અલગ અલગ વિસ્તારો જેવા કે માટુંગા, દાદર, તારદેવ, ચેમ્બુર, ઘાટકોપર, કલવા, ભાંડુપ, થાણા ખાતે પહોંચાડયા છે.



ઉર્વી લોડાયા



હર્ષિત દંડ

## ભાવીન નાગડાએ રોબોટ દ્વારા મીણબત્તી પ્રગટાવી





ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા.૫ એપ્રિલ ૨૦૨૦ના રાત્રે ૯ કલાકે ૯ મિનીટ સુધી મીણબત્તી, ટોર્ચ, દીવા દ્વારા કોરોના વાયરસની લડત માટે અંધકારમાં પ્રકાશ ફેલાવવાનું જનતાને જણાવ્યું હતું. મહેંદી ક્વીન વીણા નાગડાના સુપુત્ર ભાવીન નાગડા માસ્ટર્સ ઈન આર્કિટેક્ચર એન્ડ રોબોટીક્સ (સેન ફ્રાન્સીસ્કો)એ રોબોટમાં એક પ્રોગ્રામ ફીટ કરી તે રોબોટ દ્વારા તા.૫ એપ્રિલના રાત્રે ૯ કલાકે ૯ મિનીટ સુધી મીણબત્તી પ્રગટાવીને એક અનોખુ ઉદાહરણ સમગ્ર ભારતવાસીઓને આપ્યું હતું.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# KDO WARRIORS AGAINST COVID-19

## ક.દ.ઓ ભાંડુપ જૈન સંઘ દ્વારા ચાર હજાર ફૂડ પેકેટનું વિતરણ કરાયું







શ્રી ક.દ.ઓ જૈન સંઘ ભાંડુપ દ્વારા તા. ૧૧ એપ્રિલ શનિવાર દિવસ સાંસદ મનોજ કોટકના સાથ સહયોગ અને પ્રેરણાથી ભાંડુપ સંઘના મનોજ લોડાયા અને સાથ કાર્યકર્તાઓ તથા ભાંડુપ બીજેપીના ચૈતન્ય જૈન સાથેની ટીમ ભાંડુપના સ્લમ એરિયામાં રેડી ટુઈટ ફૂડ પેકેટ તૈયાર કરી બે હજાર નંગનું વિતરણ કર્યું અને સાંજે ગણેશજીની સંકષ્ટી ચતુર્થી હોવાથી બે હજાર પેકેટ બુંદીના લાડુના પકેટ કરી વિતરણ કરવામાં આવ્યું હતું.

## અમદાવાદમાં પોલીસ સ્ટાફને ચા-નાસ્તાનું વિતરણ

અમદાવાદમાં રાત-દિવસ જોયા વગર પોતાની ફરજ બજાવતા પોલીસ સ્ટાફને સિમરન હેમેન્દ્ર ધરમશી ચા-નાસ્તાનું વિતરણ કરી ઉપયોગી સેવા કરી હતી.



# KDO WARRIORS AGAINST COVID-19

# જૈન સંઘ લોકાપુર દ્વારા ૫૦૦ પરિવારોને જીવનાવશ્યક કીટનું વિતરણ કરાયું







પ્રભુ મહાવીરજીના ૨૬૧૯ જન્મકલ્યાણક તા. ૬ એપ્રિલ ૨૦૨૦ સોમવારના દિને જૈન સંઘ લોકાપુર દ્વારા ૫૦૦ પરિવારોને જીવનાવશ્યક જરૂરી વસ્તુઓ જેમાં સાકર ૨ કિલો, રવો ૨ કિલો, તુવરદાળ ૧ કિલો, નમક ૧ કિલો, તેલ ૧ કિલો, ચા પાવડર ૨૫૦ ગ્રામ, ૨ પેકેટ બિસ્કીટ, નાહવાનો સાબુ ૧ નંગ અને કપડા સફાઈનો સાબુ ૧ નંગ મળી કુલ ૮ વસ્તુઓની કીટ અપાઈ.

## પી.એમ.કેર્સ ફંડમાં યવતમાલ જૈન મૂર્તિપૂજક સંઘ દ્વારા બહુમૂલ્ય યોગદાન અપાયું

હાલે દેશભરમાં કોરોના વાયરસને લીધે સર્જાયેલી કપરી પરિસ્થિતિ સામે લડવા અને સમગ્ર દેશભરમાં સહાય મેડિકલ સાધનો વસાવવા, સેમ્પલ ટેસ્ટ લેબોરેટરી, સુવિધા ઊભી કરવા વિગેરે માટે તા. ૨૦ માર્ચના વડાપ્રધાન દ્વારા ધી પ્રાઈમ મિનિસ્ર્ટસ સિટિઝન્સ આસિસ્ટન્સ એન્ડ રિલીફ ઈન ઈમરજન્સી સિચ્યુસન ફંડ જે ટૂંકમાં પી.એમ. કેસ ફંડ તરીકે ઓળખાય છે. જેની સંરચના કરાઈ છે. આ ફંડમાં વિવિધ ઉદ્યોગપતિઓ, ધાર્મિક સંસ્થાનો વિવિધક્ષેત્રના મહાનુભાવો પોતાનું યતકિંચીત યોગદાન આપી કેન્દ્ર સરકારની સહયોગ આપી રહ્યાં છે.



આ ફંડમાં શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ યવતમાળએ રૂા. એક લાખ યુનિયન બેંક ઓફ ઈંડિયા થ્રુ એનઈએફટી દ્વારા મોકલી યોગદાન આપ્યું છે. સંઘના પ્રમુખ અશ્વિનભાઈ કેશવજી ધરમશી નલિયા-યવતમાલએ આરટીજીએસ રસીદ યવતમાલના માનનીય ધારાસભ્ય મદન ભાઈ યેરાવારને સુપ્રત કરી હતી.

# સંજીવની હેલ્પ કેસ નં.૧૮ની મદદે આવ્યા ઉદારદિલ જ્ઞાતિજનો

**CASE No.: 18 CLOSED**

**PATIENT : SHRI DHANRAJ VALJI MOTA**
AGE 65, SUTHARI-JALGAON

## THANK YOU

**COMMITMENT RECEIVED**

**Smt. Kalpana Bakimchand Lalka**
Lala, Mulund **Rs.50,000**

**Smt. Tara Lalit Mota**
Suthari, Nashik **Rs.25,000**

**Jalgaon KDO Jain Gnati Mahajan**
**Rs.7,500**

**for Your Very Generous Support.**
**We Could Close the Case Immediately**

KDO SANJIVANI

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**
For Live Donations on Sanjivani App pls contact: **+91 90990 41414**

શ્રી ધનરાજ વાલજી મોતા ઉ.વ. ૬૫ સુથરી જલગાંવના છે તેઓનો એક માત્ર પુત્ર ફરસાણ-નાસ્તાની આઈટમો બનાવી પોતાના જોગ કમાયે છે. આ પરિસ્થિતિમાં ન કોઈ બચત છે ન કોઈ વીમાનો કવચ.

ધનરાજ મોતા અમદાવાદ ખાતે બીમાર સગાને મળવા ગયા. જ્યાં ૩ જી માર્ચ રોજે બ્રેઈન સ્ટ્રોક આવવાથી અમદાવાદની ફેમિલી કેર હોસ્પિટલમાં ભરતી કરવા પડ્યા. જમણી બાજુનો શરીર અસરગ્રસ્ત છે. જેને લીધે બોલચાલ કરવી મુશ્કેલ થઈ છે. આઈસીયુ પછીના રીકવરી બાદ ડિસચાર્જ તેઓ થઈ શકશે. એમના સારવાર ખર્ચ માટે રૂ.૮૨૫૦૦ ની જરૂરીયાત હતી જેની અપીલ થતાં રૂા ૫૦ હજાર કલ્પના બંકિમચંદ્ર લાલકા, લાલા-મુલુંડ રૂા. ૨૫ હજાર તારા લલિત મોતા સુથરી નાશિક અને બાકી રહેતા રૂા. ૭૫૦૦ જલગામ કેડીઓ જ્ઞાતિ મહાજનએ ઉદારદિલથી આપી. જરૂરિયાત વાળા જ્ઞાતિજનને મદદે આવી માનવતાની મહેક જાળવી હતી.

# મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે દીપ પ્રાગટ્ય કરાયું





તા. ૬ એપ્રિલ સોમવારના ભગવાનશ્રી મહાવીરજીનો જન્મ કલ્યાણક દિન હતો. આ દિને યવતમાળમાં વિમલ વીરજીભાઈ મૈશેરીએ પોતાના ઘર આંગણે દીપમાળાઓને પ્રજ્વલિત કરી પોતાની ખુશી અને આનંદ ભાવ વ્યક્ત કર્યો હતો.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**



**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station.
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા ઈન્સ્ટાગ્રામ ક્વોરેન્ટાઈન લાઈવ કોન્સર્ટ રજૂ થઈ







તા.૧૫ માર્ચ રવિવાર સાંજે જે ૭ થી ૮ સુધી ઈન્સ્ટ્રાગ્રામ ઉપર સમસ્ત મહાજનની યુવા કમિટી દ્વારા ક્વોરેન્ટાઈન લાઈવ કોન્સર્ટ રજૂ કરાઈ. હાલે કોરોનાને કારણે છેલ્લાં ત્રણ અઠવાડિયાથી હોમ સ્ટેમાં રહેલા સૌ ખાસ કરીને યુવાનોને રસ પડે એવો મ્યુઝિકનો આ કાર્યક્રમ સૌને પસંદ પડ્યો હતો.

JAYMAN KHONA - 9869473339

anmol
COLLECTION
ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# પ.પૂ.આ.કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો વર્તમાન પરિસ્થિતિ અનુલક્ષી ઔચિત્ય માર્ગદર્શન સંદેશ

વર્તમાન દ્રશ્ય વિશ્વ વ્યાપી મહામારી કોરાના વાયરસ સંક્રમણથી બચવા અને બચાવવા સરકારના અને ડોક્ટરોના માર્ગદર્શન મુજબ સાવચેતી રાખવી જરૂરી છે. હાલ અન્ય બધી પ્રવૃત્તિઓ બંધ છે ને પોતાના મકાનમાં પરિવાર વચ્ચે રહેવાનું છે. ત્યારે આ હિતશિક્ષા વારંવાર વાંચી-વંચાવી યોગ્ય કરવા ભલામણ.

**આ બન્ને પેજ આપના ગ્રુપોમાં ફોરવર્ડ કરવા ભલામણ**

અનંતા જન્મો પછી દુર્ગતિઓથી બચી શ્રેષ્ઠ માનવભવ શ્રેષ્ઠકૂળ જાતિ ઉત્તમ ધર્મ મળવોએ વિશિષ્ટ પુણ્યની નિશાની છે. આ પુણ્યને પચાવવા અને આત્માને પરમાત્મા બનવવા ભવ્ય પુરુષાર્થ કરવા આ સોનેરી તક મળી છે.

આવતીકાલથી ચૈત્રી નવપદ-સિદ્ધચક્ર આરાધનાની નવ દિવસીય ઓળી ઓળીના પાવન દિવસો (ચૈત્ર સુદ-૭થી ચૈત્ર સુદ-૧૫ સુધી) શરૂ થાય છે. જેમાં ચૈત્ર સુદ-૧૩ એ વર્તમાનમાં આપણે જે જિનશાસન-જૈનધર્મમાં જન્મવાનું પરમોચ્ચ સૌભાગ્ય પામ્યા છીએ એ વર્તમાન શાસન નાયક પરમાત્મા શ્રી મહાવીર પ્રભુની પાવન જન્મતિથિ પણ આવે છે.

પરિવાર સાથે ઘર બેઠાં આ સિદ્ધચક્ર-નવપદ-નવકાર-જિનશાસન આરાધવાની અને તેના દ્વારા વિશેષ અંતર્મુખ-આત્મલક્ષી બનવાની આ વિરલ તક છે. જે નકારાત્મક-નાસ્તિક-જમનાવાદ-ભોગવાદને પુષ્ટ કરતા વિચારો ધરાવે છે. તે ચીકણા નવા કર્મબંધો દ્વારા આ જન્મના અંત પછી દુર્ગતિનું સર્જન કરે છે. જોકે ઘણાંને નવકાર મંત્ર, સિદ્ધચક્ર ભગવંત-જીવતત્વ-નવતત્વ-કર્મગ્રંથ વિના અભ્યાસ સમજ હોય છે. તેઓ વિશેષ આત્મલક્ષી બની શકે છે. અહીં બતાવેલ આરાધના સૌ માટે સરળ છે.

ઘર બેઠાં પણ યથાશક્તિ તપ જેવા કે ઉપરવાસ-આયંબીલ-એકાસણુ-બ્યાસણું-છેવટ નવકાશી પોરસી અને રાત્રીભોજનનો ત્યાગ-કંદમૂળ-અભક્ષ્ય ભક્ષણ ત્યાગ કરવો. વડીલોએ યુવાનો બાળકોમાં સુસંસ્કારીને પલ્લવિત કરવાનો આ સુવર્ણ સમય છે.

સમુહમાં સામાયિક-પ્રતિક્રમણ ચૈત્યવંદન-ગુરૂવંદન જાપ-ધાર્મિક સૂત્રો તથા નવસ્મરણાદિ ચોપડીમાંથી જોઈ-જોઈ કરી શકાય છે. મોબાઈલ ટી.વી. પર ન શોભે તેવું જોવાનું છોડવા જેવું છે. સારા પુસ્તકોનું ધાર્મિક મેગેઝીનોનું વાંચન જીવનને મહાન બનાવવા પ્રેરિત કરે છે. સદ્વાંચન-સ્વાધ્યાય એ પણ તપ છે.

નવ દિવસ આયંબીલ ઓળીએ આત્માને વિરાશક્ત-નિર્લેપ પાપરહિત બનવા તપ કરતાં જીભના ટેસ્ટ રાગ છોડવાની સાધના છે.


**જીવનને સકારાત્મક-બનાવવા નવ સ નું ગુણાત્મક ચિંતન....**
**મંત્રાધિરાજ શ્રી નવકાર મહામંત્ર-નવપદનો સરળ ભાવાર્થ....**

| પદ | મહામંત્રપદ | ગુણ | ભાવાર્થ |
|---|---|---|---|
| ૧ | નમો અરિહંતાણં | સ્નેહ | સર્વજીવોથી સ્નેહ ધરાવતા અરિહંત ભગવંતને વંદન.. નમન.. |
| ૨ | નમો સિદ્ધાણં | સત્વ | સંસાર સમુદ્રથી મોક્ષ માટે સત્વ પ્રકટ કરનાર સિદ્ધ ભગવંતને વંદન... નમન... |
| ૩ | નમો આયરિયાણં | સદાચાર | પંચાચાર પાલક આચાર્યભગવંતને નમન... |
| ૪ | નમો ઉનજ્ઝાયાણં | સ્વાધ્યાય | (ચિંતન-મનન) જિન શાસ્ત્ર પઠન કરતા... કરાવતા ઉપાધ્યાય ભગવંતને નમન... |
| ૫ | નમો લોએ સવ્વસાહુણં | સાધના-સહનશીલતા-સહાયકતા | પંચમહાવ્રતધારી સર્વજ્ઞની આજ્ઞાના સાધક સાધુ ભગવંતને વંદન...નમન... |
| ૬ | એસો પંચ નમુક્કારો | સમ્યગ્દર્શન (ૐ હ્રીં નમો દંસણસ્સ) | આ પાંચને કરાયેલ નમસ્કાર... |

# પ.પૂ.આ.કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો વર્તમાન પરિસ્થિતિ અનુલક્ષી ઔચિત્ય માર્ગદર્શન સંદેશ

| | | | |
|---|---|---|---|
| ૭ | સવ્વ પાવવ્વાણાસણો | સમ્યગ્ જ્ઞાન (ૐ હ્રીં નમો નાણસ્સ) | સર્વ પાપોનો મૂળ સહિત નાશ કરનાર છે. |
| ૮ | મંગલાણં ચ સવ્વેસિં | સમ્યગ્ ચારિત્ર (ૐ હ્રીં નમો ચારિતસ્સ) | સર્વ મંગલોમાં સમ્યગ ચારિત્ર સર્વ મંગલોમાં સમ્યગ ચારિત્રાદિ |
| ૯ | પઢમં હોઈ મંગલમ્ | સમ્યગ્ તપ (ૐ હ્રીં નમો તવસ્સ) | આ પાંચને કરાયેલ નમન એ પ્રથમ ઉત્કૃષ્ટ મંગલ છે. |

**ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિયંતે વિઘ્ન વિલ્લયઃ।**
**મનઃ પ્રસન્નતા મે તિ પૂજ્યમાને જિનેશ્વરે ॥**




આંખ મિંચોલી હૃદય કમળ પર આ મુજબ પાંખડીઓની ધારણાપૂર્વક આ મંત્ર જપ-નવ સકારનું સકારાત્મક જીવન માટે સ્થિરતાથી જાપ કરવો.

**- દ : આ કલાપ્રભસાગરસૂરિના સાદર ધર્મલાભાશિષ**

# તપસ્વીરત્ન પ.પૂ.મુનિ નંદીવર્ધનસાગરજી મ.સા. કાળધર્મ પામ્યા



તા.૪ એપ્રિલ શનિવારના રાત્રે ૯.૨૦ કલાકે ગૌતમ ગુણ વિહાર જેન ધામ ધુમટી મધે અચલગચ્છ સંપ્રદાયના પ.પૂ. કમલ પ્રભસાગરજી મ.સા.ની નિશ્રામાં વિરાજમાન તપસ્વી રત્ન પ.પૂ.નંદીવર્ધન સાગરજી મ.સા.કાળ ધર્મ પામ્યા. આયુના ૯૧ વર્ષના પૂજ્યશ્રી મ.સા.એ ૨૭ માસ ખમણ. ૧૧૪ વર્ધમાન તપ આયંબિલની ઓળી ૨૦ સ્થાનિક તપના ૪૦૦ ઉપવાસ, ૩ વર્ષીતપ આદિ તપસ્યા કરી હતી.

નમસ્કાર મહામંત્રના નિરંતર જાપ સ્મરણ કરતાં સમતાપૂર્વક દેવલોક ગમન કર્યું. રવિવાર તા. ૫ એપ્રિલના સવારે ૮ થી ૯.૩૦ કલાક સુધી પૂજ્યશ્રીની અંતિમ દર્શન સકળ સંઘના શ્રાવક શ્રાવિકો કર્યા હતા. હાલે પ્રર્વતતા સંજોગોને લીધે પોલિસ પ્રશાસનની મંજૂરી પ્રાપ્ત થયા તેમની પાલખી યાત્રા તીર્થ પરિસરમાંથી નીકળી હતી. પાલી રાજસ્થાનના ધુમટી સંઘ જૈન સમાજ તથા અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘએ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપી વંદનાવલી કરી હતી.





# ચેમ્બુર – વિદ્યાવિહારથી મુલુંડમાં વસતા જરૂરિયાતમંદ જૈન પરિવારો જોગ

વિદ્યાવિહારથી મુલુંડ અને ચેમ્બુરમાં રહેતા દશા કે વીશા જૈન સમાજના વૃદ્ધ, અશક્તને જરૂરિયાતમંદ એવા કોઈપણને જે કોઈ જાણતું હોય તેની જાણ નીચે ઉપર નંબર કરતા તેઓને ઘરે ઘઉં લોટ, દાળ, મગ, ભાત વિગેરે જરૂરિયાતની ચીજો એમના ઘરે સુમતિગ્રુપ મુલુંડ પહોંચાડી આપશે. ભરત હંસરાજ ગડા-૯૩૨૨૯૯૬૭૩૩, કિશોર પ્રેમજી છેડા-૯૦૨૯૭૧૧૩૧૪, લલિત દામજી સોની ૯૮૧૯૧૬૮૫૯૫, સંજીવ (ટીકુ) પદમશી છેડા-૯૭૦૨૫૧૯૯૯૯, વિનોદ ધનજી હરિયા -૯૮૨૦૦૫૨૯૩૬.

# ભક્ત વત્સલ ક્રિએશન દ્વારા યુટયુબ ઉપર વિડીયો ક્લિપ રીલીઝ કરાઈ

બીજાઓની સેવા માટે પોતાનું જીવન ખપાવી દેતા સેવકો જેઓ ખરેખરા વૈષ્ણવના જન બનીને સેવા, સુશ્રુષા અને ભલાઈ કરતાં હોય છે. એવાઓનો સમાજને પરિચય થાય એ માટે ભક્તવત્સલ ક્રિએશન દ્વારા વિડીયો ચેનલ વૈષ્ણવજન ચાલુ કરાઈ છે. નાની બાલિકા સ્વરા વૈદ્ય આ શૉ ની પ્રેઝન્ટર છે.

તા.૨૫ માર્ચના યુટયુબ ઉપર રીલીઝ ૫.૨૫ મિનીટના આ વિડીયો ક્લિપમાં માનવ જ્યોત કચ્છના સેવાભાવી સજ્જન મૂળ કોઠારાના હાલે ભુજના પ્રબોધ હિરાચંદ મુનવર દ્વારા માનવ જ્યોતના નેજા હેઠળ કરાતા સેવા કાર્યોની ઝલક વૈષ્ણવજન પ્રબોધ મુનવર શિર્ષક હેઠળ અપાઈ છે.

કચ્છમાં છેલ્લા ૨૫ વર્ષથી માનવ જ્યોતની પ્રવૃતિ માનવ સેવા અને જીવદયાની છે. દિવ્યાંગો, માનસિક રૂગ્ણ જેઓ દેશના વિવિધ જગ્યાઓથી ટ્રેન, બસમાં ભટકી કચ્છમાં આવી ચડે છે અને રસ્તાઓ પર ભટકતા રહે છે. સારા ઘરના હોવા છતાં પરિસ્થિતિવશાત તેઓ ઠેર ઠેર ભટકાયું જીવન વ્યતિત કરે છે આવા વ્યક્તિઓને માનવ જ્યોત તેઓએ નવડાવી, સ્વચ્છ કપડાં પહેરાવી તેઓની મન અવસ્થાની સારવાર કરાવે છે. પાલારા આશ્રમમાં તેમને આશરો આપી રહેવા ખાવાની વ્યવસ્થા કરે છે. સમય જતાં તેઓ સારવારને લીધે સ્વસ્થ થતાં તેમની પાસેથી ક્યા ગામનાં છે, શું નામ ઠામ છે તેની પુછા કરાય છે. માહિતીની ક્લુ મળતાં તેમના ઘરવાળાનો સંપર્ક કરી રૂબરૂ બોલાવી સંબંધ ઓળખ પાકી કરાઈ તેઓનો કબજો તેમના પરિવારજનોને અપાય છે. છેલ્લા ૧૫ વર્ષમાં આવા ૬૭૦ જેટલા માનસિક રૂગ્ણોની સેવા સારવાર કરીને સ્વઘરે સુખરૂપ પહોંચાડાયા છે.

આજે પાલારા જેલ પાસે રામદેવા સેવાશ્રમ ખાસ માનસિક રૂગ્ણો માટે તૈયાર કર્યો છે. છેલ્લા પોણા બે વર્ષમાં ૨૨૫ જેટલા મનોરૂગ્ણોને સ્વસ્થ કરી પોતાનું જીવન પોતાની રીતે જીવી શકે એવા કરી તેમના ઘરે ટિકીટ ભાડા આપી પહોંચાડયા છે કે પરિવારજનોને સોંપ્યા છે.

જે ઉપરાંત અણ ઓળખાયેલ લાવારીસ ૪૬૭ જેટલા મૃત્યુદેહોના અંતિમ સંસ્કાર કરી માનવધર્મ નિભાવ્યો છે.

નિરાધાર, અશક્ત અપંગ વૃદ્ધજનો જેઓ એકલા રહેતા હોય તેઓને સવાર-સાંજ જમવાનું ટિફીન ઘરે પહોંચાડી આવા ૧૦૦ જેટલા વડીલોની સેવા કરે છે. આ સર્વિસ ૧૫ વર્ષથી અપાય છે. રસ્તે રઝડતાને, ઝુંપડાઓમાં વસતા પરિવારોના બાળકોને અક્ષર જ્ઞાન આપતી શાળા ચલાવે છે. તેમને શિક્ષણ આપી તૈયાર કર્યા પછી તેમનો આગળનો અભ્યાસ માટે વિવિધ શાળામાં પ્રવેશ કરાઈ અપાય છે. અત્યારસુધી ૪૫૦ જેટલા બાળકોને લખતા વાંચતા કરી આગળનો શિક્ષણ મેળવવા માટે શાળાઓમાં પ્રવેશ કરાઈ અપાયો છે.

ભુજ અને આસપાસના વિસ્તારોમાં દરરોજ નાના મોટા ભોજન સમારોહ થતા હોય છે. જેમાં રસોઈ વધુ પડતી હોય છે. એ પાકી રસોઈ જે તેઓની પાસેથી મેળવી ઝુપડાઓમાં વસતા ગરીબ પરિવારોને પહોંચાડાય છે. આ સેવા છેલ્લા ૧૫ વર્ષથી શરૂ છે.

નાના મોટા અબોલ જીવોની સેવા માટે પણ કાર્યરત છે. પશુ પક્ષીઓને કચ્છની કાળઝાળ ગરમીમાં સહેલાઈથી પાણી મળી રહે એ માટે લોકોને જેઓ પોતાના ઘરે-અગાસી-બારી બારણા પાસે પાણી ભરેલા કુંડા રાખવા ઈચ્છે છે તેઓને માટીના કુંડા મફત આપે છે. જેને લીધે નાના પક્ષીઓને પાણી સુલભ થઈ રહે. તેવી જ રીતે ચકલીઓ માટે માટીના ઘર પણ લોકોને અપાય છે.

આમ વિવિધ રીતે માનવ સેવા, જીવદયા, અન્નસેવા, અક્ષરજ્ઞાન દ્વારા ઉપયોગી કાર્ય કરી માનવ જ્યોતના પ્રમુખ વૈષ્ણવજન પ્રબોધ મુનવરની રાહબરી તળે અથાગ સેવા પ્રવૃત્તિઓ થઈ રહી છે. જે માનવસેવા એજ પ્રભુસેવાના સૂત્રને ચરિતાર્થ કરે છે.

# દશાઈ નાતની બહુમુખી નારી પ્રતિભા હર્ષા મનોજ નાગડા



સૌ. હર્ષા મનોજ નાગડા તેરા, ખામગામ પોતાની કલા-પ્રતિભાના બળે ખામગામના વિવિધ કલાક્ષેત્રમાં સક્રિય યોગદાન આપી પ્રતિષ્ઠા જમાવી છે, સાથોસાથ અનેક પુરસ્કાર પ્રાપ્ત કર્યા છે. પિતાશ્રી લક્ષ્મીચંદ ભવાનજી લોડાયા નલિયા હાલે એમ.પી. સિહોરની કન્યારત્ન હર્ષા નાગડા ધર્મ, સેવા અને ચેસ રમતમાં અનેક સીમા ચિહ્નો સર કર્યા છે. જે માટે તેઓ મલ્ટીટેલેન્ટથી ઓળખાય છે.

વિવિધ સંસ્થાઓએ તેમને પુરસ્કૃત કર્યા છે. જેમાં વર્ષ ૨૦૧૮માં ખામગામ નગર પરિષદએ 'નારી ગૌરવ' સન્માન આપ્યું. ખાનદેશ ગુજરાતી સમાજએ 'નારી રત્ન' બિરૂદથી સન્માનિત કરી. અખિલ જૈન સંઘ દ્વારા મહાવીર જન્મ જયંતિએ વિશેષ સન્માન કર્યું.

ચેસ ખેલ ક્ષેત્રે ખામગામ નાગરી દ્વારા 'ચેસ કોચ' પુરસ્કાર, બુલઢાણા ચેસ એસોસિએશન એ બેસ્ટ ચેસ ટીચર પુરસ્કારથી સન્માન કર્યું. નાદુરા ચેસ એસોસિએશન દ્વારા ખેલ ગૌરવ એવોર્ડથી સન્માન આપ્યું. તે ઉપરાંત બેસ્ટ ઓરબિટર એવોર્ડ, બેસ્ટ ચેસ કોમ્પિટિશન આયોજક એવોર્ડ, ઓલ ઈન્ડિયા રેટિંગ ચેસ ટુર્નામેન્ટ કોચ સન્માન પ્રાપ્ત કર્યું છે.

હાલ તેઓ શ્રી શાંતિનાથ મહિલા મંડળ સંગે સક્રિય રીતે સંકળાયેલા છે. અધ્યક્ષાના રૂએ આદિનાથ ગ્રુપ ખામગામ, સખી સહેલી ક્લબ તથા ઉપાધ્યાક્ષા તરીકે ગુજરાતી સમાજ મહિલામંડળ ખામગામ સાથે જોડાયેલા છે. આ અગાઉ પૂર્વ સચિવ તરીકે મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ તથા પૂર્વ સહસચિવ તરીકે શ્રી આદિનાથ માંડલા ગ્રુપ સંગે સેવારત રહ્યાં હતા. વર્તમાને સચિવ તરીકે દોસ્તાના સેવાગ્રુપ, કલા નિકેતન નાદુરા, ભક્તામર ગ્રુપ નાદુરા, બુલઢાણા જિલ્લા ચેસ એસોસિયેશન તથા નાદુરા ચેસ એસોસિયેશન સાથે જોડાયેલા છે.

તે ઉપરાંત ચેસ કોચ તરીકે કે.ડી.લીપ સ્કૂલ નાદુરા, ઝાબડ વિદ્યાલય નાદુરા, પ્રતિમા ક્રિયેટીવ લીપ સ્કૂલ ખામગામ, નાગડા ચેસ ક્લાસ, ટિળક રાષ્ટ્રીય વિદ્યાલય ખામગામ (નિસ્વાર્થ ચેસ સેવા)માં સેવારત છે.

મુંબઈની નેણશી ભાણજી કન્યા છાત્રાલયમાં અનેકવાર ચેસ માઈન્ડ એક્સસાઈઝ ટેબલ ટેકનિકના વર્કશોપ લીધા છે. નૂતન ભાવના મંડળ જલગાંવ, મૂર્તિ મેકીંગ વર્કશોપ બુલઢાણા ડિસ્ટ્રીકમાં અનેક ચેસ વર્કશોપ યોજ્યા છે.

ચેસ વિષય ઉપર એક પુસ્તક લખી પ્રકાશિત કરી છે. બી.એ.એ.ટી.ડી. (ડ્રોઈંગ આર્ટ) ડિગ્રીધારક હર્ષાબેન અનેક કલા ક્ષેત્રના કલાસ કન્ડક્ટ કર્યા છે.

ખામગામ સંઘમાં તેઓ સક્રિય સેવા આપી રહ્યાં છે. કોઈ પણ ધાર્મિક આયોજન પૂજનના માંડલા રંગોળી સજાવટ કરવા સતત અગ્રપણે રહે છે. સાધુ સાધવીઓની સેવા વૈયાવચ્છ માટે સદાય તત્પર હોય છે. ખામગામમાં દરેક સમાજના કાર્યક્રમમાં જજ તરીકે તેઓ સેવા આપી છે. રાસગરબામાં અનેક સન્માન પ્રાપ્ત કર્યા છે. ખામગામની વિવિધ કલા પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત રહે છે અને સક્રિય પણે યોગદાન આપે છે. કૂકીંગ, રંગોળી, મહેંદી અને રમત પ્રવૃત્તિની હોબી ધરાવે છે. વિશેષરૂપે ચોખાની ગહુલીઓ વિવિધ રીતે બનાવી શકે છે. તથા ૪૫ થી ૫૦ માંડલની રચના કરી શકવામાં માહિર છે. ધાર્મિક રમતો તથા પ્રતિસ્પર્ધાત્મક કાર્યક્રમ આયોજનમાં કુશળતા ધરાવે છે.

દરેક ક્ષેત્રમાં સફળ યોગદાન સાથે સક્રિય સહભાગ લઈ કાર્ય નિપુણતાથી ખામગામની નામવંત નારી તરીકે તેઓ ખ્યાતિ ધરાવે છે. જે ક.દ.ઓ જ્ઞાતિ માટે ગૌરવ છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા




- કચ્છના પ્રથમ સાંસદ, ગાંધીવાદી લોકસેવક એવા ગુલાબશંકર ઘોળકિયાની ૪૯ પુણ્યતિથિએ તેમની પ્રતિમાને હાર રોપણ કરી તથા દાતાએના સહકારથી જરૂરતમંદોને કપડાં આપી વિવિધ સેવા કાર્ય કરવામાં આવ્યા. બાળકો માટે વાંચન સ્પર્ધા યોજી વિજેતાઓને ઈનામ અપાયા હતા.
- મુંદરા નગરના ઈતિહાસ, ભૂગોળ અને મહત્વની તવારીખોની સાક્ષી સમાન ચંદ્રવદનભાઈ કેશવલાલ જોષી ઉર્ફે ભાઈલાલ ભાઈનું ૯૦ વર્ષની વયે અવસાન થતાં ઈતિહાસ અને જ્યોતિષશાસ્ત્રના વિશારદને નગરએ ખોયા છે. છેલ્લા ૫૦ વર્ષથી સળંગ મોમાયા માતાના મંદિરની સેવા પૂજા કરી હતી. તેઓ સારા નોબતવાદક પણ હતા. ગઢ અને નાકા ક્યારે બન્યા, મુંદરાનું તોરણ ક્યારે બંધાયું સહિતની માહિતી તેઓ વિક્રમ સંવતના સંદર્ભ સાથે અસ્ખલિત આપી શકતા હતા. નગરની ઐતિહાસિક તવારીખ બંદરીય ઘટનાઓ અને નગરની વેપાર વણજની પેઢીઓની સિલસિલા બંધ માહિતીઓના તેઓ જાણતલ હતા.
- સમસ્ત જૈન સમાજ માધાપર તથા ગૌ વિજ્ઞાન અધ્યન શોધ સંસ્થાન જામનગર આયુર્વેદશાળા તથા જિલ્લા પંચાયત કચ્છ દ્વારા આયુર્વેદ તથા પંચગવ્ય નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ પી.એચ.સી.સેન્ટર લોકલ બોર્ડ માધાપરના સહયોગથી યોજાયો. જેનો ૪૩૫ દર્દીઓએ લાભ લીધો. ૨૨ આંગણવાડીના કુપોષિત ૫૦ જેટલા બાળકોને કિટ વિતરણ કરાયું.
- જામનગર ખાતે જિલ્લા રોજગાર કચેરી ભુજ દ્વારા યોજાયેલા ભરતી મેળામાં સંરક્ષણની તાલીમ લીધેલા ૧૩ કચ્છી યુવાનોની સોલ્જર જનરલ ડ્યુટી તરીકે પસંદગી થવા બદલ કચ્છ જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે.દ્વારા સન્માનિત કરાયા હતા.
- ભુજની અદાણી ઉદ્યોગ ગૃહસંચાલિત જી.કે.જનરલ હોસ્પિટલમાં ડાયાલિસીસ માટેના વધુ બે મશીન કાર્યાન્વિત થતા હવેથી કુલ્લ આઠ મશીન થતાં દર્દીઓને રાહ નહીં જોવી પડે. અત્રે રોજના સરેરાશ ૨૦ દર્દીઓ ઉપર ડાયાલિસીસ કરવામાં આવે છે. મા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ હેઠળ વિનામૂલ્યે હોસ્પિટલમાં ડાયાલિસીસ કરી આપવામાં આવે છે.
- કચ્છીઓની હિજરતનું કેન્દ્ર રહેલા મોમ્બાસા–કેન્યામાં ૧૯૪૬માં વિશ્વનો પ્રથમ કચ્છી લેવા પટેલ સમાજ બન્યો હતો. પટેલોની અસ્મિતાના પ્રતીક સમી આ મૂળ ઈમારતને કાયમ રાખી ૧૦ એકરમાં નૂતન સંકુળ અને મંદિરની પ્રવૃત્તિઓ, પાર્કીંગ વિગેરે ઉભારાશે. આગામી વર્ષે ૨ એપ્રિલ ૨૦૨૧થી ૪ એપ્રિલ ૨૦૨૧ સુધી મોમ્બાસા સમાજ સ્થાપનાના ૭૫ વર્ષ ઊજવી ઐતિહાસિક નિર્ણયો કરાશે.
- માંડવીમાં અખિલ કચ્છ દિવ્યાંગ રમતોત્સવ એસ.વી.કોલેજમાં યોજાયો. જેમાં ૨૫૦ દિવ્યાંગ ખેલાડીઓ એ ભાગ લીધો હતો. આ રમોતોત્સવમાં દોડ, ગોળા ફેંક, લીંબુ ચમચી દોડ તથા કચ્છમાં પ્રથમવાર પ્રજ્ઞા ચક્ષુ બહેનો અને ભાઈઓ માટે બોક્ષ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન થયું હતું.
- કુકમાના રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા બનાવાયેલી ગાય આધારિત સજીવ ખેતીના વિષય પર બનેલી ગુજરાતી ફિલ્મ જાગ્યા ત્યાંથી સવારને બેસ્ટ મેસેજ કેટેગરી માટે શ્રેષ્ઠ ફિલ્મના બે એવોર્ડ મુંબઈ ખાતે આંતરરાષ્ટ્રીય ફિલ્મ હોસ્પિટલ ૨૦૧૯માં એનાયત કરાયો. ફિલ્મનું શૂટીંગ, કુકમા ખાતે ચિંતન ફાર્મમાં કરાયું હતું. આ ફિલ્મના મોટા ભાગના કલાકારો કચ્છના જ છે.
- વડોદરા ખાતે યોજાયેલી સિંગિગ સિતારે સ્પર્ધામાં કચ્છના કલાકાર કરણ અંબાદાન ગઢવી–પાયકએ કંઠના કામણ પાથરી રાજ્યમાં પ્રથમ નંબર મેળવ્યો. આ અગાઉ ભુજમાં કચ્છ કાર્નિવલ કાર્યક્રમ અંતર્ગત વોઈસ ઓફ ગુજરાત તરીકે પ્રથમ ક્રમે વિજેતા થયા હતા.
- કચ્છના યુવા સાંસદ વિનોદભાઈ ચાવડાના નેજા હેઠળ સાંસદ યુવા ઉત્કર્ષ સમિતિની રચના કરાઈ છે. આ સમિતિ સાંસદશ્રીના નેતૃત્વ હેઠળ સાંસદ ખેલ મહોત્સવ અને સાંસદ જોબ ફેરનું આયોજન કરશે.

# ગાંધીધામ મધ્યે દશાઈ નાતનું નઝરાણું પખાવાજ કાર્યક્રમ શરૂ થશે

આગામી પર્યુષણ પછી તા. ૨૫ ઓગસ્ટ ૨૦૨૦ મંગળવાર રોજ રાત્રે ૮ કલાકે કચ્છ ગાંધીધામ મધ્યે પખાવાજનાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનમાં સૌ પખાવાજ પ્રેમીઓ પોતાના મહાજન કે મંજળ સાથે અથવા વ્યક્તિગત રીતે ભાગ લઈ શકશે. જે માટેનું આમંત્રણ ક.દ.ઓ જૈન મહાજન ગાંધીધામ તથા પખાવાજ મંડળ અંતરજાળ તથા ક.દ.ઓ જૈન યુવક મંડળ (સાર્થક) ગાંધીધામ દ્વારા અપાયું છે. આગમની જાણ માટે નીચે આપેલી વ્યક્તિઓને તા.૩૧ જુલાઈ ૨૦૨૦ સુધી કરવી. જેથી વ્યવસ્થા આયોજન માટે સરળતા રહે સંપર્ક સૂત્ર સાગર મયૂરભાઈ લોડાયા-૯૮૭૯૬૧૨૪૧૯ તથા હિતેન સૂર્યકાંતભાઈ છેડા-૯૯૭૯૬૬૮૬૨૮. આ આયોજનના લાભાર્થી પરિવારો છે. સ્વ. મયૂરભાઈ જેઠાભાઈ લોડાયા તથા સ્વ.નરેન્દ્રભાઈ જીવરાજ મોમાયા નલિયા હાલે અંતર જાળ.

---

# પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્ર સાગરસૂરિશ્વરજી મ.સા. સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલમાં

જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સાની તબિયત નાદુરસ્ત થતાં તેઓશ્રીને થોડા દિવસ ભુજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અમદાવાદમાં સીમ્સ હોસ્પિટલમાં કીડની સંબંધી તકલીફ હોવાથી દાખલ કરાયા. જે માટે ડાયાલિસીસ કરાવ્યા બાદ હાલે તેઓની તબિયત ખૂબ જ સારી છે. તેઓની સાથે શશાંકભાઈ નાગડા વર્ધમાન નગર ભુજ કચ્છથી સાથે આવેલ છે. અમદાવાદ અચલગચ્છ જૈન સંઘના રાજેશભાઈ ધરમશી પૂજ્યશ્રીની વૈયાવચ્છ ખૂબજ સારી રીતે કરી રહ્યાં છે. અત્યારની પરિસ્થિતિમાં પણ રાજેશભાઈ પોતાની સેવા આપી રહ્યાં છે. જે માટે સંઘ તેમની અનુમોદના કરે છે.

સંઘના વડીલ શ્રી ટોકરશી મામા ડૉ. ધીરેનભાઈ સાથે સતત સારવાર અંગે સંપર્ક રહી સલાહ સૂચન આપી જાણકારી મેળવી રહ્યાં છે. તે ઉપરાંત સીમ્સ હોસ્પિટલ ખાતે ડૉ. ધીરેનભાઈ અને તેમની ટીમ પણ શ્રી સંઘની સંપૂર્ણ જવાબદારી નિભાવી મદદરૂપ થઈ રહ્યાં છે. તેઓની પણ શ્રીસંઘ ભૂરી ભૂરી અનુમોદના કરે છે. એવું સંઘના મંત્રી મુલચંદ નાનજી મારૂએ યાદીમાં જણાવ્યું છે.

---

## જીવન ઘટમાળ

● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૪.૨૦૨૦ | કોઈમ્બતુર | દમયંતી પદમશી ધુલ્લા | નલિયા | ૮૨ |
| ૦૯.૦૪.૨૦૨૦ | કોલકત્તા | પુષ્પવદન લક્ષ્મીચંદ લોડાયા | મંજલ | ૭૩ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL


KDO Gyatimaiya Weekly E-magazine KDO